EDII

Gujarat Samachar (Plus)

November 23, 2017
Page No.2

# 'બૂસ્ટ યોર પ્રોજેક્ટ' અંતર્ગત ઉદ્યોગસાહસિકોને તાલીમ અપાઇ

**ચોકલેટ, હસ્તવણાટના વસ્ત્રો અને પતંગ બનાવતા સૂક્ષ્મ અને લઘુ વ્યવસાયો કરતા લોકોએ માર્કેટિંગ પ્લેટફોર્મ અને પ્રમોશનલ ટૂલનો ઉપયોગ કરી બિઝનેસ કઈ રીતે વધારવો તેની તાલીમ લીધી**



ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા-નિર્માણ માટે રાષ્ટ્રીય સંસાધન સ્વરૂપે પ્રસિદ્ધ સંસ્થા એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ ૨૨ નવેમ્બરનાં રોજ ઈડીઆઈઆઈનાં કેમ્પસમાં ફેસબુક સાથે જોડાણમાં તાલીમ કાર્યક્રમ 'બૂસ્ટ યોર બિઝનેસ'નું આયોજન કર્યું હતું. આ સિરિઝમાં નવમું સેશન હતું, જેમાં ફેસબુકનાં 'બૂસ્ટ યોર પ્રોજેક્ટ' અંતર્ગત EDII દ્વારા ઉદ્યોગસાહસિકોને તાલીમ આપવામાં આવી છે. અત્યાર સુધી પ્રોજેક્ટે ગુજરાતમાં ૭૦૦થી વધારે લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકોને સફળતાપૂર્વક તાલીમ આપી છે.

આ સેશનનો ઉદ્દેશ હાલનાં ડિજિટલ વિકાસનાં સમયમાં વ્યવસાયને પ્રોત્સાહન આપવા ઓનલાઈન માર્કેટિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની પદ્ધતિઓ, ડિજિટલ મીડિયાનાં પાવર, વિવિધ મીડિયા પર અસરકારક આયોજન અને ઈકોનોમિક માર્કેટિંગ-પ્રમોશનલ સ્ટ્રેટેજી, વધારે વ્યૂ જનરેટ કરવા અને માર્કેટિંગ પ્લેટફોર્મ અને પ્રમોશનલ ટૂલનો ઉપયોગ કરીને ટ્રાફિક આકર્ષવા જેવા મુદ્દાઓ પર તાલીમ આપવાનો હતો. જેમાં ચોકલેટ, કન્ફેક્શનરી, હસ્તવણાટના વસ્ત્રો, પંતગ અને આ પ્રકારનાં સિઝનલ ઉત્પાદનો બનાવતા સૂક્ષ્મ અને લઘુ વ્યવસાયોનાં માલિકો સામેલ થયાં હતાં.